
## Online Tender Notice No.08 of 2023-2024 (4th Try)

Tenders are invited through E-tendering by the Executive Engineer R&B Panchayat Division Patan Phone No. (02766-234285) Pin No.384265 for 1(one) Bridge work Costing Rs.2499.79 Lakhs from the contractors Registered in appropriate class with Gujarat state R&B Dept. Detail notice can seen on departmental website **www.statetenders.gujarat.gov.in** Tender documents can be seen, Download and Submission in website **www.tender.nprocure.com** from 28/08/2023 and on ward.

**DDI/Patan/245/2023**

PATEL INDUSTRIES
AN ISO 9001 : 2008 COMPANY

CMC-Sodium Carboxymethyl Cellulose For Textiles, Detergents, Paints, Pesticide, Ceramic, Oil well drilling, Welding Electrodes etc.
CMS-Carboxy Methyl Starch For Textiles, Briquettes,

Cellulose Powder For welding rods

**Address :** Plot No 5623/c, Phase II, GIDC Industrial Area, Vatva, Ahmedabad-382445. Gujarat India.
**CONTACT** +91 98799 97220,
**E-MAIL :** info@patelindustries.co.in

**Manufacturer & Exporter of Speciality Chemicals**

તંત્રી સ્થાનેથી

Editorial....

# સરકાર વિરોધથી દેશવિરોધ સુધી

કેટલાક લોકો કોઈ પક્ષ કે નેતા કે પછી સરકાર અથવા સંસ્થાનો વિરોધ કરતાં કરતાં કઈ રીતે દેશ વિરોધની હદ સુધી ચાલ્યા જાય છે, તેનું તાજું ઉદાહરણ આપ્યું અભિનેતા પ્રકાશ રાજે. તેમણે ગત રવિવારે ટ્વિટર (હવે એક્સ) પર ચંદ્રયાન-૩ને લઈને એક ફોટો પોસ્ટ કર્યો. તેમાં લખ્યું - બ્રેકિંગ ન્યૂઝ : વિક્રમ લેન્ડર દ્વારા ચંદ્રથી આવનારી પહેલી તસવીર.' આ ફોટો એક કાર્ટૂન રૂપે હતો, જેમાં એક મલયાલી લાગતા વ્યક્તિને વિચિત્ર મુદ્રામાં એક મગમાંથી બીજામાં ચા રેડતો બતાવ્યો હતો. તેમની આ પોસ્ટ પર લોકો ભડકી ઉઠ્યા. સામાન્ય લોકો સાથે કેટલાય જાણીતા વ્યક્તિઓને ખૂબ ખરીખોટી સંભળાવી. એના પર તેમણે પોતાની સફાઈમાં લખ્યું કે તેઓ તો એ કહેવા માંગતા હતા કે મલયાલી લોકો દુનિયામાં દરેક જગ્યાએ છે અને ત્યાં સુધી કે ચંદ્ર પર પણ. તેમણે એ પણ સમજાવવાની કોશિશ કરી કે જો તમે મારી મજાક ન સમજી શક્યા તો ઉપહાસના પાત્ર તમે પોતે જ છો. એ પ્રશ્ન સહજ રીતે ઉઠે છે કે શું દુનિયા ભરમાં ફેલાયેલા મલયાલીઓને ચા વેચવા માટે ઓળખાય છે?

પ્રકાશ રાજ કોઈ પરિચયના મોહતાજ નથી. તેઓ કન્નડ, તમિલ, તેલુગુ અને મલયાલમ સાથે હિંદી ફિલ્મોમાં પણ કામ કરી ચૂક્યા છે. તેમાંથી કેટલીય હિટ ફિલ્મો રહી છે. તે સામાન્ય રીતે ખલનાયક રૂપે જ પરદા પર આવે છે. વોન્ટેડ, સિંઘમ અને દબંગ-૨ જેવી સફળ હિંદી ફિલ્મોમાં કામ કરવાને કારણે તેમની રાષ્ટ્રીય ઓળખ બની ગઈ છે, પરંતુ હિંદી ભાષાની જે ફિલ્મોએ તેમને માન-સન્માન આપ્યું, તેના પણ તેઓ વિરોધી છે. કેટલાક વર્ષ પહેલાં હિંદી દિવસના અવસરે તેમણે એક એવી ટી-શર્ટ પહેરી, જેના પર કન્નડ ભાષામાં લખ્યું હતું - 'મને હિંદી નથી આવડતી, ભાગો અહીંથી!' શું એ વિચિત્ર નથી કે તેઓ હિંદી ફિલ્મોમાં કામ કરે છે અને હિંદી બોલે પણ છે, પરંતુ તેમને આ ભાષા સ્વીકાર્ય નથી! જો હિંદી ભાષા સાથે આટલું વેર હોય તો તેઓ હિંદી ફિલ્મોમાં કામ શું કામ કરતા હશે? આ છે એમનું ડબલ ઢોલકી વલણ!

પ્રકાશ રાજ રાજકીય વિષયો પર પણ નિર્ભિકતાથી બોલે છે. તેઓ ટીવી ચેનલોની ચર્ચાઓમાં પણ સામેલ થતા હોય છે. તેમણે ૨૦૧૯માં બેંગલુરુ સેન્ટ્રલથી અપક્ષ ઉમેદવાર રૂપે લોકસભાની ચૂંટણી લડી હતી, પરંતુ હારી ગયા હતા. તેઓ ભાજપની સાથે વડાપ્રધાનના આંધળા વિરોધી છે. જોકે તેનો વાંધો નથી. લોકતંત્રમાં આ અધિકાર જેમ અન્ય લોકોને છે, તેવો જ તેમને પણ મળેલો છે. તેઓ વડાપ્રધાનનો પણ ખુલીને વિરોધ કરી શકે છે, પરંતુ એક તો તેમણે વિરોધ અને અંધ વિરોધમાં શો ફેર છે તે ખબર પડવી જોઈએ અને બીજું, એ સમજવું જોઈએ કે દેશ વિરોધની હદ ઓળંગવી યોગ્ય નથી. તેમણે સૌથી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી એક એટલે કે ઇસરોની મજાક ઉડાડવામાં પણ સંકોચ ન રાખ્યો. એવું કરનારા તેઓ એકલા જ નથી. દેશમાં ઘણા લોકો એવા છે, જેઓ એ સમજવા તૈયાર નથી કે ભારત સરકારના વિરોધ કરતા કરતા દેશ વિરોધની હદ ન ઓળંગવી જોઈએ. દરેક દેશમાં કેટલીક સંસ્થાઓ એવી હોય છે જેનો આદર બધા કરે છે. ઇસરો એક એવી જ સંસ્થા છે. આવી જ સંસ્થા આપણી સેના પણ છે, પરંતુ તેની અવગણના ન કરે એવા કેટલાક નેતાઓ કઈ રીતે સર્જિકલ સ્ટ્રાઇકના પુરાવા માંગી રહ્યા હતા. રાહુલ ગાંધીએ તો ત્યાં સુધી કહી નાખ્યું હતું કે વડાપ્રધાન જવાનોના લોહીની દલાલી કરી રહ્યા છે. એક પ્રખ્યાત પત્રકાર અને લેખકે તો સર્જિકલ સ્ટ્રાઇકને ફર્જીકલ સ્ટ્રાઇક ગણાવી હતી. કંઈક આ જ પ્રકારનું કામ એર સ્ટ્રાઇક સમયે પણ કરવામાં આવ્યું હતું. ત્યારે કેટલાક લોકો કહી રહ્યા હતા કે આખરે સરકાર એ કેમ નથી કહેતી કે બાલાકોટમાં કેટલા આતંકી માર્યા ગયા? એ પણ ભૂલી ન શકાય કે એક કોંગ્રેસી નેતા કઈ રીતે સેનાધ્યક્ષ જનરલ બિપિન રાવતને 'ગલીના ગુંડા' ગણાવ્યા હતા.




અમદાવાદની લોહાણા મિલન સંસ્થા દ્વારા પવિત્ર શ્રાવણ મહિનાને અનુલક્ષીને આ વર્ષે શ્રાવણસુદ-૪ને તા.૨૦.૮.૨૦૨૩ને રવિવારના રોજ ૧૧ બસો થકી આશરે ૪૫૦ સભ્યો માટે બહુચરાજી- મોઢેરા- શંખલપુર અને કમીજલા ગુરુ ગાદીના દર્શનના એક દિવસીય યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંસ્થા છેલ્લા ૩૬ વર્ષથી કાર્યરત છે.

# ગુજરાતના હોટેસ્ટ સિટીમાં અમદાવાદ બીજા ક્રમાંકેઃ લોકો બફારાથી 'ત્રસ્ત'

## રાજ્યમાં હજુ વરસાદ હાથતાળી આપીરહ્યો હોવાથી ખેડૂતો ચિંતાતુર બન્યા

**અમદાવાદ,**
શહેરમાં લાંબા સમયથી વરસાદે વિરામ લીધો છે અને વચ્ચે વચ્ચે વરસાદી ઝાપટાં પડી રહ્યાં છે, જો કે હજુ લોકો વરસાદ માટે તરસે છે. હવે ગરમીનો પારો ઊંચકાયો છે. ગઈ કાલે અમદાવાદ ૩૪.૬ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન સાથે ગુજરાતના હોટેસ્ટ સિટીમાં બીજા ક્રમાંકે આવ્યું હતું. હવે અમદાવાદમાં ગરમીમાં થયેલો વધારો ચર્ચાસ્પદ બન્યો છે, જ્યારે ભાવનગર ૩૫.૫ ડિગ્રી ગરમી સાથે રાજ્યનું સૌથી હોટેસ્ટ સિટી બન્યું છે.

અમદાવાદ સહિત રાજ્યભરમાંથી વરસાદે વિદાય લીધી છે, જેના કારણે સ્વાભાવિકપણે સમગ્ર રાજ્યમાં ગરમી વધી છે. પાટણમાં ૩૩ ડિગ્રી, રાજકોટમાં ૩૩ ડિગ્રી, ભૂજમાં ૩૨.૨ ડિગ્રી અને ગાંધીનગરમાં ૩૧.૫ ડિગ્રી સેલ્સિયસ ગરમી નોંધાઈ હતી. આમ, સમગ્ર ગુજરાતમાં ગરમીના વધતા પ્રમાણે લોકોમાં નવી ચર્ચા જગાડી છે. વરસાદ હજુ પણ મચક આપે તેમ લાગતુ નથી એટલે આગામી દિવસોમાં ગરમીનું પ્રમાણ જળવાઈ રહેશે.

શહેરમાં આજે સવારે પણ ગરમીનો પારો ઊંચકાયો હતો અને ૨૬.૩ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. જે સામાન્ય તાપમાન કરતા એક ડિગ્રી વધુ હતું, જ્યારે આજે સવારના ૮.૩૦ વાગ્યે હવામાંનો ભેજ ૮૫ ટકા નોંધાયો હતો. સ્થાનિક હવામાન વિભાગની આગાહીમાં જણાવ્યા મુજબ શહેરમાં આગામી ૩૦ ઓગસ્ટ સુધી ભારે વરસાદ પડવાની કોઈ શક્યતા નથી. શહેરમાં આ દિવસોમાં વાદળછાયું વાતાવરણ રહેશે તેમ પણ હવામાન વિભાગ જણાવે છે. હવામાન વિભાગે રાજ્યમાં વરસાદ અંગે કરેલી આગાહીને તપાસતા આજે બનાસકાંઠા, સાબરકાંઠા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલી, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર-સોમનાથ અને દીવમાં હળવાથી મધ્યમ પ્રકારનો વરસાદ થઈ શકે છે, જ્યારે આવતી કાલે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લામાં ગાજવીજ સાથેનો વરસાદ પડવાની સંભાવના હવામાન વિભાગની આગાહીમાં દર્શાઈ છે. જ્યારે ૨૭ ઓગસ્ટે સુરત, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા-નગર હવેલી, તા.૨૮ અને ૨૯ ઓગસ્ટે પણ સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરાનગર હવેલીમાં હળવાથી મધ્યમ પ્રકારનો વરસાદ કે વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે. મેઘરાજા ગુજરાતને હાથતાળી આપી રહ્યા હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. સ્થાનિક હવામાન વિભાગની આગાહીને જોતાં રાજ્યમાં સામાન્ય વરસાદ પડવાની શક્યતા હોઈ દક્ષિણ ગુજરાત સિવાયના ભાગમાંથી વરસાદ ગાયબ થવાની સંભાવના છે. ૨૯ ઓગસ્ટ સુધીના રાજ્યમાં હવામાન અંગેની આગાહીમાં ભારે વરસાદને લઈ કોઈ ચેતવણી કે એલર્ટ આપવામાં આવ્યું નથી.

# ડો. હર્ષ જોષીને મળ્યો પિલર્સ ઓફ ધ નેશન-૨૦૨૩નો એવોર્ડ

**અમદાવાદ,**
શહેરની એનએચએલ મેડિકલ કોલેજમાં ફરજ બજાવતા ડો.હર્ષ જોશીને વિશેષ સન્માન પ્રાપ્ત થયું છે. હાલમાં જ દિલ્હીમાં યોજાયેલા એક એવોર્ડ સમારંભમાં દિલ્હી વિધાનસભાના અધ્યક્ષ રામનિવાસ ગોયલના હસ્તે તેમને પિલર્સ ઓફ ધ નેશન ૨૦૨૩નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. હર્ષ જોશીને મળેલું આ સન્માન તેઓએ મેડિકલ ક્ષેત્રે મેળવેલી સિદ્ધિ માટેનું છે. તેમણે મેડિકલ ક્ષેત્રે લખેલું પુસ્તક જે દેશ-વિદેશના તમામ મેડિકલના વિદ્યાર્થીઓ માટે ઉપયોગીછે. તેમણે ઈન્ટરનેશનલ બુકમાં ઘણાં ચેપ્ટર લખ્યાં છે. તેમજ તેઓ ઈન્ટરનેશનલ રિસર્ચ સેન્ટર યુએસએસ સાથે જોડાયેલા પ્રથમ મેમ્બર છે. તેઓએ ૨૦ વધુ રિસર્ચ આર્ટિકલ લખી પબ્લિશ કર્યા છે.

# બાઈક આંતરીને બે શખ્સે યુવકનો મોબાઈલ લૂંટી લીધો

**અમદાવાદ,**
શહેરના માદલપુર પાસે એક યુવકનું બાઈક આંતરીને બે શખ્સ મોબાઈલ ફોનની લૂંટ ચલાવીને ફરાર થઈ ગયા હોવાની ઘટના સામે આવી છે. યુવક હોસ્પિટલમાં જઈ રહ્યો હતો ત્યારે બે શખ્સે માદલપુર ગરનાળા પાસે તેનું બાઈક આંતરી લીધું હતું. તમે આવી રીતે કેમ ગાડી ચલાવો છો તેમ કહીને યુવક સાથે બબાલ શરૂ કરી હતી અને બાદમાં તેના ખિસ્સામાં રહેલો મોબાઈલ લૂંટીને નાસી ગયા હતા.

ઈસનપુર વિસ્તારમાં આવેલા ડીલાઈટ ટેલરમાં રહેતા નિખિલ નાગરે એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં લૂંટની ફરિયાદ કરી છે. નિખિલ નાગર મીઠાખળી પાસે આવેલી એચડીબી ફાઈનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરે છે. થોડા દિવસ પહેલાં સી.જી. રોડ પર આવેલી શુશ્રુષા હોસ્પિટલમાં પત્ની હિરલને બતાવવા નું હોવાથી તેણે એપોઈમેન્ટ લીધી હતી. હિરલ વસ્ત્રાપુરથી હોસ્પિટલ પહોંચી હતી જ્યારે નિખિલ પોતાનું બાઈક લઈને હોસ્પિટલ આવવા માટે નીકળ્યો હતો. વહેલી સવારે નિખિલ માદલપુર ગરનાળા પાસે પહોંચ્યો ત્યારે ટુ વ્હીલર પર બે અજાણ્યા શખ્સ આવ્યા હતા. બંને શખ્સે નિખિલનું બાઈક આંતરી લીધું હતું ને કહેવા લાગ્યા હતા કે તમે આવી રીતે કેમ ગાડી ચલાવો છો. બંને શખ્સો કારણ વગર નિખિલ બૂમાબૂમ કરે તે પહેલા તો બંને શખ્સ પોતાનું વ્હીકલ લઈને ફરાર થઈ ગયા હતા.

# મિલકતની હરાજી શરૂ થતાં મુંબઈથી માલિકે ૩૬ લાખ ટેક્ષ ભરાવી દીધો

**(એજન્સી)અમદાવાદ,**
મ્યુનિ.એ. વર્ષોથી મોટી રકમનો પ્રોપર્ટી ટેક્ષ બાકી હોય તેવી મિલકતોની હરાજી કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. મંગળવારે ઓઢવની તક્ષશીલા ગેલેરીયા હોટેલ નામની બિલ્ડીગની હરાજી શરૂ કરાતાં મુંબઈથી માલીકે ૩૬ લાખનો બાકી અને ટેક્ષ ભરાવી દીધો હતો અને બાકીના ૨૭ લાખ આગામી ૩૦ દિવસમાં ભરાવી દેવાની મ્યુનિ. ને બાંયધરી આપતા હરાજીની પ્રક્રિયા મોકુફ રખાઈ હતી. મીલકત માલીકે છેલ્લા ૧૨ વર્ષથી પ્રોપર્ટી ટેક્ષ ભર્યો નહતો. મ્યુનિ. ને આ મીલકત પેટે ૬૩.૦૬ લાખના ટેક્ષ વસુલવાનો બાકી હતી. ઓઢવમાં સરદાર પટેલ રીગ રોડ પર આવેલી તક્ષશીલા ગેલેરીયા હોટેલ, ક્રિશ રેસ્ટોરાં એન્ડ બેન્કવેટ હોલ તથા ચાણકય બિલ્ડરોને ૧૨ વર્ષથી મ્યુનિ.પ્રોપર્ટી ટેક્ષ ચુકવ્યો ન હતો. નોધનીય છેકે મ્યુનિ.ને આ મીલકત પાસેથી રૂા.૬૩.૦૬ લાખ લેણાં બાકી હતી.

# વરસાદ બંધ છતાં ઘણા ખાડા ન પૂરાતા કમીશ્નરે ઉઘડો લીધો

**(એજન્સી)અમદાવાદ,**
શહેરમાં લાંબા સમયથી વરસાદ બંધ છે તેમ છતાં ઘણા બધા વિસ્તારમાં હજુ સુધી ખાડા પુરાયા નથી. જે બાબતની મ્યુનિ. કમીશ્નરે ગંભીરતાથી નોધ લઈ રીવ્યુ બેઠકમાં ઈજનેર વિભાગમાં અધિકારીઓને ખખડાવ્યા હતા. આ ઉપરાંત ખાડા પુરવાની ધીમી કામગીરી સામે પણ નારાજગી વ્યકત કરી છે. રીવ્યુ બેઠકમાં મ્યુનિ.કમીશ્નરે ઈ-ગર્વનન્સની કામગીરી પ્રત્યે નારાજગી વ્યકત કરી હતી. સાથે જીપીએસ સીસ્ટમ યોગ્ય રીતે કામ કરતી નહી હોવાની નોધ લીધી હતી. કમીશ્નરે સ્પષ્ટ કર્યું હતું કે, મંગળવારે ઉત્તર ઝોનની તેમની મુલાકાત દરમ્યાન પણ કેટલાક રોડ પર ખાડા પુરવામાં નહી આવ્યા હોવાની નોધ લીધી હતી.

કયુઆર કોડ સ્કેન કરાવી ડોલરના ટ્રાન્ઝેકશન કરી ઠગાઈ આચરી

# ડીમેટ એકાઉન્ટ ખોલવાનું કહીને બે શખ્સએ વેપારી પાસેથી રૂપિયા ૫.૫૦ લાખ પડાવ્યા

## આનંદનગર પોલીસે વેપારીની ફરીયાદના આધારે બે ઠગ સામે ઠગાઈનો ગુનો નોંધ્યો

**(એજન્સી)અમદાવાદ,**
ડીમેટ એકાઉન્ટ ખોલાવવાથી ફાયદો થશે કહીને રૂ.બે શખ્સોએ વેપારી મેસેજ કરી વિશ્વાસમાં લઈને રૂા.૫.૫૦ લાખ પડાવી લીધા હતા. બાદમાં વધુ પૈસાની માગણી કરતા વેપારીએ ચુકવેલા પૈસા પરત માંગતા બંને શખ્સોએ તેઓને ગોળ ગોળ ફેરવી ઠગાઈ આચરી હતી. જેને લઈને આનંદનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરીશ છે.

જોધપુરમાં રહેતા રીકીનભાઈ શાહ કાપડનો વેપાર કરે છે. ગત ૧ તારીખે અર્જુન રામ નામના વ્યકિતએ વોટસએપ પર ડીમેટ એકાઉન્ટ ખોલવા અંગેનો મેસેજ કર્યો હતો. જેથી રીકીનભાઈએ ડીમેટ એકાઉન્ટ ખોલીને રૂા.૫૦ હજાર ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં મેસેજ કરનાર અર્જુન રામે ફોન કરીને એકાઉન્ટ ચલાવવા માટે બીજા રૂ.૫૦ હજારની માગ કરતા રીકીનભાઈએ રૂ.૫૦ હજાર ટ્રાન્સફર કર્યા હતા. થોડા સમય બાદ અજાણ્યા વ્યકિતએ રીકીનભાઈને ફોન કરીને પોતાનું નામ અશોક જીવાણી જણાવ્યું હતું કે અને અર્જુન રામે કયુઆર કોડ વાળું સ્કેનર મોકલી આપ્યું હતું. જે મે તમને મોકલી આપ્યું છે. તેમાં ૧૦ ડોલર ચુકવી આપેલા છે. તેમ જણાવ્યું હતું. જેથી રીકીનભાઈ તપાસ કરતા તેમના એકાઉન્ટમાં ભારતીય ચલણ પ્રમાણે ૮૨૦ રૂપિયા આપ્યા હતા. બાદમાં અશોક જીવાણીએ આંગડીયું કરવાનું કહેતા રીકીનભાઈએ રૂા.૪.૫૦ લાખ આંગડીયાથી મોકલી આપ્યા હતા. બે દિવસ સુધી કોઈ વ્યવહાર ન થતા રીકીનભાઈએ અર્જુનને ફોન કર્યો હતો. ત્યારે તેણે વધુ પાંચ હજાર ડોલર ચુકવી આપવાનું જણાવ્યું હતું. ત્યાં રીકીનભાઈએ ચુકવેલા રૂા.૫.૫૦ લાખની વાત કરતા અર્જુને ફોન કાપી પૈસા પરત આપવા માટે નાટક કરતા રીકીનભાઈએ અર્જુન રામ અને અશોક જીવાણી સામે આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# વાહન ચોરી કેસમાં સીરીયલ કિલરને ત્રણ વર્ષ કેદની સજા

**(એજન્સી)અમદાવાદ,**
ગાંધીનગર અને અમદાવાદમાં લોકોની હત્યા કરનાર સીરીયલ કિલરને ગાંધીનગર કોર્ટે બાઈક ચોરી કરવાના કેસમાં ત્રણ વર્ષની સજા ફટકારી છે. આ સાથે જ કોર્ટમાં જજ એમ.એમ. અગ્રવાલે ચુકાદામાં નોધ્યું હતું કે, આખોય કેસ નિઃશંકાપણે પુરવાર થાય છે. આરોપી સામે ગંભીર પ્રકારના ગુનો છે. આરોપીએ ગુનામાં ચોરીના વ્હીકલનો ઉપયોગ કર્યાનું સામે આવ્યું છે. ત્યારે આવા આરોપી સામે દયા ન દાખવી શકાય.

ગાંધીનગર અને અમદાવાદમાં લોકોની હત્યા કરી લાશને સગેવગે કરી પોલીસને પડકાર ફેકનાર સીરીયલ કિલરન મદનલાલ ઉર્ફે વિશાલ ઉર્ફે મુકેશ ઉર્ફે મોનીશ ભવરલાલ નાયકને ગાંધીનગર પોલીસે દબોચી લીધી હતી. આરોપીએ ગુનો કરવામાં કોબા વિસ્તારમાંથી બાઈક ચોરી કર્યુ હોવાનું સામે આવતા મદનલાલ સામે ચોરીની ફરીયાદ કરાઈ હતી. આ મામલે પોલીસે તેની સામે ચાર્જશીટ કરતા કેસ ગાંધીનગર કોર્ટમાં ચાલવા પર આવ્યો હતો. જેમાં સરકારી વકીલ ચીરાગ પી.દવેએ પુરતા સાક્ષી તપાસી અઅને દસ્તાવેજી પુરાવા રજુ કરીને કોર્ટને જણાવ્યું હતું કે, જાન્યુઆરી ૨૦૧૯માં ફરીયાદીનું બાઈક કોબા ગામ ખાતેથી ચોરી કર્યું હતું.

આ કેસમાં ફરીયાદી પંચો અને સાક્ષીઓની જુબાની જોતા સમગ્ર કેસ નિઃશંકપણે પુરવાર થાય છે. આરોપીએ ચોરી કરેલું વ્હીકલ ચોરી લુંટ, હત્યા જેવા ગંભીર ગુનામાં વાપયું હોવાનું સાબીત થાય છે. ગંભીર પ્રકારનો ગુનો છે ત્યારે સમાજમાં દાખલો બેસે અને આવા આરોપીઓમાં કાયદાનો ભય રહે તે હેતુને ધ્યાને રાખી આરોપીને પુરેપુરી સજા થવી જોઈએ. રજુઆત બાદ કોર્ટે સીરીયલ કિલર મદનલાલને ૩ વર્ષ કેદની સજા ફટકારી છે.

# ઉત્તર ઝોનમાં ગેરકાયદે કોમર્શિયલ બાંધકામ તોડી પડાયું

## કોમર્શિયલ પ્રકારના છ યુનિટને તોડવાની કામગીરી એસ્ટેટ વિભાગની ટીમે હાથ ધરી હતી

**અમદાવાદ,**
શહેર ઉત્તર ઝોનમાં ગઈ કાલે ગેરકાયદે ઊભા કરાયેલા કોમર્શિયલ પ્રકારના બાંધકામને તંત્ર દ્વારા તોડી નખાયું હતું.

ઉત્તર ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ ઉત્તર ઝોન હદ વિસ્તારમાં ગેરકાયદે બાંધકામો પર સતત હથોડા ઝીંકાઈ રહ્યા છે. એસ્ટેટ વિભાગની ટીમ કોઈની પણ શરમ રાખ્યા વગર તેને તોડી રહી છે. અમુક વાર જટિલ કિસ્સામાં તંત્રને સ્થાનિક પોલીસનની પણ મદદ લેવી પડે છે.

ઉત્તર ઝોનના ઈન્ડિયા કોલોની વોર્ડમાં ટીપી સ્કીમ નં.૧૨ (અસારવા)ના ફાઈનલ પ્લોટ નં.૪૮+૪૯ પૈકીમાં કોમર્શિયલ પ્રકારનું ગેરકાયદે બાંધકામ ઊભું કરાયું હતું. નરોડા રોડની નરોડા ફ્રૂટ માર્કેટના શેડ નં.૯૩માં ઊભા થયેલા આ કોમર્શિયલ પ્રકારના ગેરકાયદે બાંધકામ સામે એસ્ટેટ વિભાગે જીપીએમસી એક્ટ મુજબની નોટિસ ફટકારી હતી. આ નોટિસમાં બાંધકામકર્તાને બાંધકામ અટકાવી તેને દૂર કરવાનો આદેશ અપાયો હતો, જો કે બાંધકામકર્તાએ તંત્રની નોટિસની અવગણના કરી હતી.

બાંધકામકર્તાએ તંત્રની નોટિસને ફગાવી દેતાં એસ્ટેટ વિભાગની ટીમ ગઈ કાલે તેને હટાવવા માટે ત્રાટકી હતી. ગેરકાયદે કોમર્શિયલ પ્રકારના છ યુનિટનેતોડવાની કામગીરી એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા હાથ ધરાઈ હતી. આ કામગીરીમાં જનરેટર સાથેના સાત બ્રેકર ઉપયોગમાં લેવાયા હતા. ઉપરાંત એક ગેસ કટર અને ખાનગી મજૂરોની પણ મદદ લેવામાં આવી હતી. એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા આ ઓપરેશન ડિમોલિશનને એસઆરપીની મદદથી સફળતાપૂર્વક પાર પડાયું હતું અને બાંધકામને તોડી પડાયું હતું.

કંપની બનાસકાંઠામાં રિન્યુએબલ એનર્જીનો પ્લાન્ટ નાખશે

# શેલ એનર્જી કંપની સાથે ૩,૫૦૦ કરોડના રોકાણ માટે એમઓયુ કરાયા

**(એજન્સી)ગાંધીનગર,**
દસમી વાઈબ્રન્ટ ગુજરાત સમીટની પુર્વ તૈયારીના ભાગરૂપે દર અઠવાડીયે એમઓયુ કરવાની પ્રક્રિયામાં ગત અઠવાડીયે રજાઓને કારણે બ્રેક પડયાં પછી ૨૩મી ઓગષ્ટના બુધવારે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં શેલ એનર્જી ઈન્ડિયા પ્રાઈવેટ લીમીટેડ સાથે રૂા.૩,૫૦૦ કરોડના રોકાણ માટે એમઓયુ કરાયો છે. આ કંપની ઉત્તર ગુજરાતના બનાસકાંઠા ખાતે ૧,૨૦૦ એકરમાં ૨,૨૦૦ કરોડના રોકાણથી રીન્યુએબલ એર્જીના ઉત્પાદન માટે પ્લાન્ટ સ્થાપશે, રાજયમાં વિવિધ સ્થળોએ રૂા.૮૦૦ કરોડના રોકાણથી ફયુઅલના વેચાણ માટે તથા ઈલેકટ્રીક વાહનોના રીચાર્જ માટે સ્ટેશનો સ્થાપશે. ઉપરાંત ૫૦૦ કરોડનું રોકાણ એલએનજી રીગેસીફીશેન ટર્મીનલ, એસેટ ઈન્ટીગ્રીટી રીજુવીનેશન અને ડેબોટલનેકીગ પ્રોજેકટમાં કરશે આ બધા પ્રોજેકટમાં ૪,૩૦૦ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારી મળવાનો દાવો કરાયો છે. શેલ એનર્જી વની મેનેજીગ ડીરેકટર રાહુલ સિંઘએ તથા રાજય સરકાર વતી ઉર્જા વિભાગના અગ્ર સચીવ મમતા વર્માએ એમઓયુ ઉપર સહીસિકકા કર્યા હતા.

વાઈબ્રન્ટ સમીટ ૨૦૨૪ના ભાગરૂપે અત્યાર સુધીમાં કુલ રૂ.૩,૮૭૪ કરોડના રોકાણ માટે ૧૪ એમઓયુ કરાયા છે.ા એમઓયુ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ઉધોગકારોને નવા ઉધોગ શરૂ કરવામાં મુશ્કેલી ના પડે અને રાજયના વિકાસની ગતિ વધુ વેગવંતી બને તેવી રાજય સરકારની નેમ છે.

**ત્રણ તબકકે રૂા. ૩,૮૭૪ કરોડના નવા રોકાણ માટે ૧૪ એમઓયુ થયા**

**ADARSH PLANT PROTECT LIMITED**
CIN No. L29210GJ1992PLC017845
**Regd. Office**: 604, GIDC, V. U. Nagar – 388121, Anand, Gujarat.
**Tel No.**: 02692 236705, **Fax No.**: 02692 236704 **Website**: www.adarshplant.com **Email**: info@adarshplant.com

**NOTICE**

**Notice of 31st Annual General Meeting, E-voting information and Book Closure**

Notice is hereby given that the 31st Annual General Meeting ("AGM") of the Members of **Adarsh Plant Protect Limited** will be held on Saturday, the 16th September, 2023 at 11.00 AM. at 604, GIDC, Vitthal Udyognagar - 388 121, Anand to transact the Business set out in the Notice, which along with Annual Report for Financial year 2022-2023 has been sent to in electronic mode to all the Members as on 24th August, 2023 whose email addresses are registered with the company /Depository Participants(s). Shareholder desiring to receive the said document in physical form will continue to get the same in physical form free of cost, upon request.

Notice of the 31st Annual General Meeting and the Annual Report 2022-2023 are being displayed and made available on the website of the company www.adarshplant.com. This documents are also available for inspection by Members at the Registered office of the company during working hours on any business day.

In compliance with provisions of Section 108 of the Act read with Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014 and Regulation 44 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the Company is providing to its members the facility to exercise their right to vote by electronic facility. The Company has engaged the services of NSDL to provide E-voting facility.

Further, pursuant to Section 91 of the Companies Act, 2013 and Regulation 42 of the SEBI (Listing Obligations and Disclosure Requirement) Regulation 2015, the Register of Members and Share Transfer Books of the Company shall remain closed from **8th September, 2023 to 15th September, 2023** (Both days inclusive) for the purpose of 31st Annual General Meeting.

The E-voting facility shall commence from **13th September, 2023 at 9.00 AM. and end on 15th September, 2023** at 5.00 PM. and e-voting shall not be allowed thereafter. Only those members, whose names appear in the Register of Members as on 9th September, 2023 (cut-off date) shall be entitled to vote (through e-voting / physical ballot paper).

Any person who acquires shares and becomes member of the Company after the dispatch of the Notice and hold shares as on the cut-off date, may obtain the login ID and password by sending request for obtaining the same at evoting@nsdl.co.in. In case of any queries, Members may refer to the Frequently Asked Questions (FAQs) for members and e-voting user manual for members available at the Downloads section of https://www.evoting.nsdl.com or contact NSDL at the following toll free no. : 1800-222-990.

The Company shall also provide facility for voting through physical ballot paper at the AGM and Members attending the AGM, who have not already cast their votes by e-voting, shall be able to exercise their right to vote at AGM. The Members, who have cast their votes by e-voting may also attend the AGM but shall not be entitled to cast their votes again.

By Order of the Board of Directors
For, ADARSH PLANT PROTECT LIMITED
Sd/-
Naishadkumar N. Patel
Chairman
Din :00082749

Date : 24th August, 2023
Place : V. U. Nagar

## સંક્ષિપ્ત સમાચાર

# તામિલનાડુના એક જિલ્લાની માટી ચંદ્રથી મળતી આવે છે

**(એજન્સી)નવીદિલ્હી,**
દુનિયાભરની નજર ભારતના ચંદ્રયાન મીશનઉપર છે. ઈસરોના આ અભિયાનમાં તમીલનાડુના વ્યકિતઓ પૂર્વ રાષ્ટ્રપતી ડો.એપીજે અબ્દુલ કલાકમ, ચંદ્રયાન-બેના મીશન ડાયરેકટર માયિલસામી અન્નાદુરઈ ચંદ્રયાન-૩ પરીયોજનાના નિર્દેશક વિરમુથેવલ પી.સાથે રાજયની માટીનું પણ મહત્વનું યોગદાન છે. ચેન્નઈથી અંદાજીત ૪૦૦ કિમી દુર સ્થિત નામકકલ ૨૦૧૨થી ચંદ્રયાન મિશનની ક્ષમતા માપવા માટે માટી ઉપલબ્ધ કરાવી રહયું છે. કારણ કે આ જીલ્લાની માટી ચંદ્રથી ઘણી મળતી આવે છે. આ માટીના ઉપયોગથી ઈસરોએ પોતાના લેન્ડર મોડયુલની ક્ષમતા તપાસવા અને તેમાં સુધારો કરવામાં મદદ મળી રહે છે. તમીલનાડુએ ઈસરોના મહત્વાકાંક્ષી ચંદ્રયાન મીશન માટે ત્રીજી વખત માટી પહોચાડી છે. પેરીયાર વિશ્વવિધાલયયના ભુવિજ્ઞાન વિભાગના પ્રોફેસર એસ અનબઝગને કહયું હતું કે, નામકકલમાં પ્રચુર માત્રામાં માટી ઉપલબ્ધ હતી. જેનો જરૂર પ્રમાણે ઉપયોગ થયો છે.

# ગાંધીનગરનું ગૌરવઃ કેયુરી પટેલ ચંદ્રયાન-૩ના સફળતાના મિશનની એક સભ્ય

ગાંધીનગર શહેર ભાજપના પૂર્વપ્રમુખ અને કોર્પોરેટર મહેન્દ્ર પટેલ (દાસ)ની દીકરીનું આગવું પ્રદાન સમગ્ર વિશ્વ અને ભારતીયો જેવી આતુરતાથી રાહ જોઈ રહયા હતા તે ચંદ્રયાન-૩ના સફળતાપુર્વક લેન્ડીંગથી સમગ્ર દેશ ગર્વની લાગણી અનુભવી રહયો છે. ત્યારે ગાંધીનગગરની દીકરી કેયુરી પટેલ આ ચંદ્રયાન-૩ મીશનનો એક હિસ્સો રહી છે. ચંદ્રની ધરતી પર ઉતરાણ કરાવવા લેન્ડરનો અતિ મહત્વનો રોલ સફળતાપુર્વક પુર્ણ થયો. લેન્ડર અંતર્ગત ડીજીટલ પ્રોસેસીગ યુનીટ આ લેન્ડરનું 'બ્રેઈન' છે જે ચંદ્રની ધરતી પર રોવર ની સલામત ઉતરાણ માટેની કામગીરી કરે છે. ગાંધીનગર શહેર ભાજપના પુર્વ પ્રમુખ અને કોર્પોરેટર મહેન્દ્ર પટેલ (દાસ)ની દીકરી કેયુરી પટેલ આ મીશનનો એક ભાગ હતી કે જે લેન્ડરની ડીઝાઈન તથા પ્રોજેકટ ટીમના સભ્ય છે... આ પ્રોજેકટ તેના પરીક્ષણમાંથી ઉર્તીણ થયો તે બદલ દીકરી કેયુરી પટેલ અને તેની ટીમીને ખુબ ખુબ અભિનંદન આપતા પરીવારજનો અને નગરજનો હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે.

રાજસ્થાનના જોધપુરમાં રહેનારી

# મહિલાએ દીકરીઓ માટે ચંદ્ર પર એક એકર જમીન ખરીદી !

**જોધપુર,**
ભારતના તમામ નાગરીકોની નજર ચંદ્રયાન મિશનની સફળતા તરફ હતી ત્યારે રાજસ્થાનની એક મહીલાએ ચંદ્ર પર જમીન ખખરીદી છે. આ સાથે જ ધ ઈન્ટરનેશનલ લુનર લેન્ડ રજીસ્ટ્રી જે ચંદ્ર પર જમીનનું રજીસ્ટ્રેશન કરે છે. તેની લિસ્ટમાં રાજસ્થાની મહીલાનું નામ પણ જોડાઈ ગયું છે. એક રીપોર્ટ મુજબ એઈમ્સી નર્સીગ ઓફીસર મીના બિશ્નોઈએ ચંદ્ર પર જમીન ખરીદી છે. મીના બિશ્નોઈએ ચંદ્રની સપાટી પર લેક ઓફ હેપીન્નેસ વિસ્તારમાં એક એકર જમીન ખરીદી છે. આ જમીની તેણે પોતાની દીકીરીઓઅ પીહુ અને નીનુ માટે ખરીદી છે. મીનાનું કહેવું છે કે પોતાના નિર્ણયથી તે દેશવાસીઓને છોકરીઓના શિક્ષણ પણ ધ્યાન આપવાનો સંદેશ આપવા માંગે છે. પુત્રીના જન્મ પર માતાપિતાએ ખુશી મનાવવી જોઈએ. આ સાથે જ બાળકીઓને પ્રેમ અને યોગ્ય શિક્ષા આપવી જોઈએ તેમ મીનાએ જણાવ્યું હતું કે તેણે પોતાના પિતાને ધન્યવાદ આપતા કહયું કે, તેમણે આપેલી શિક્ષાને કારણે જ ગામની સાધારણ છોકરી હોવા છતાં તે એઈમ્સ જેવી સંસ્થામાં ભણી અને હાલ નોકરી કરી રહી છે. પોતાની બંને દીકીરીઓ ચંદ્રનો ટુકડો હોવાનું કહીને તેણે કહયું કે, તેમને પણ તે ભેટમાં ચાંદો આપવા માંગતી હતી. જેમ તેના માતાપિતાએ તેના શિક્ષણ પર ખર્ચ કર્યો તેમ તે પણ તેની પુત્રીઓ માટે કરવા માંગે છે. મીના રાજસ્થાનની પ્રથમ મહીલા છે. જેણે ચંદ્ર પર જમીન ખરીદી છે. બોલીવુડ અભીનેતા શાહરૂખખાનને તેની મહીલા ફેનએ ચાંદ પણ જમીન ભેટમાં આપી છે.

# ચંદ્ર તો માત્ર શરૂઆત છે. ઈસરો તો સૂર્ય, મંગળ અને શુક્ર સુધી જવાનું છે

ગગનયાન મિશનઃ ઈસરોનું ગગનયાન મીશન ભારતનું સ્પેસમાં પહેલો માનવી મોકલવાની દિશામાં પહેલું પગલું છે. આ મિશન ૨૦૨૨માં જ લોન્ચ થવાનું હતું. પરંતુ હાલ તેમાં વિલંબ થયો છે. હવે તે ૨૦૨૫ બાદ સફળ થાય તેવી અપેક્ષા છે. હાલ ગગનયાન હ્યુમન સ્પેસ ફલાઈટ મીશન પહેલા ઈસરોએ બે માનવરહીત મિશન પ્લાન કર્યા છે.

સૂર્ય માટે આદિત્ય એલ-૧

ઈસરો સપ્ટેમ્બરના પહેલા અઠવાડીયામાં આદિત્ય એલ-૧ લોન્ચ કરી શકે છે. ૨૦૧૫માં ઈસરોએ એસ્ટ્રોસેટ લોન્ચ કર્યું હતું. અને આદીત્ય એલ-૧ તેનું બીજું એસ્ટ્રોનોમી મિશન રહેશે. સ્પેસક્રાફટ સૂર્ય-પૃથ્વીની સીસ્ટમમાં લેગરેન્જ પોઈન્ટ પાસેની હેલો ઓર્બીટમાં રહેશે. તે પૃથ્વીથી ૧૫ લાખ કિમી દુર છે.

યુએસ સાથે સંયુકત અભિયાન- નિસાર

નાસા અને ઈસરોનો સાર એટલે કે નિસાર અભિયયાન પૃથ્વીની બદલાઈ રહેલી ઈકો સીસ્ટમનો અભ્યાસ કરશે. ભુજળના પ્રવાહની સાથે જ જવાળામુખી ગ્લેશિય, ઓગળવાનો દર પૃથ્વીની સપાટી પર થઈ રહેલા પરીવર્તનનો અભ્યાસ કરશે. તે દર ૧૨ દિવસ ડીફોર્મેશન મેપ બનાવાશે.

મંગળ પર ફરી આરોહણની તૈયારી

ભારતનું બીજું ઈન્ટર-પ્લેનેટરી મિશન મંગલયાન-૨ પણ પ્રસ્તાવીત છે. આ વખતે હાઈપરસ્પેકલ કેમેરા અને રડાર પણ ઓબીટલ પ્રોબમાં લાગેલા રહેશે. આ મિશન માટે લેન્ડરને રદ કરાયું છે. ભારતનું પહેલું મીશન મંગલયાન-૧ સફળતાપૂર્વક મંગળની કક્ષામાં પહોચી ગયું હતું.

શુક્રયાન પણ લાઈનમાં છે

ઈસરોના માર્સ ઓર્બિટર મીશન એટલે કે મંગલયાન-૧ની સફળતા બાદ ઈસરોની નજરો શુક્ર પર છે. અમેરીકા, યુરોપીયન સ્પેસ એજન્સી અને ચીને પણ શુક્ર ગ્રહ માટે પોતાના મીશન પર કામ શરૂ કર્યું છે. ભારતનું મીશન આમ તો ૨૦૨૪ માટે નિર્ધારીત હતું પણ હાલ તે ૨૪૦૩૧ પહેલા પુરું થાય તેવા અણસાર નથી.

સ્પેડેકસ (સ્પેસ ડોકિંગ એકસપરિમેન્ટ)

ભારત ભવિષ્યમાં પોતાનું સ્પેસ સ્ટેશન બનાવે તો તેને સ્પેસ ડોકની જરૂરીયાત રહેશે. તેના માટે સ્વદેશી સ્પેડેકસ બનાવાઈ રહયું છે. તેનું લક્ષ્ય પૃથ્વીની કક્ષામાં બે સ્પેસક્રાફટને ડોક કરવાની ટેકનીક વિકસીત કરવાનું છે. મલ્ટી-મોડયુલ સ્પેસ સ્ટેશન બનાવવા માટે મહત્વપુર્ણ હોય છે.

# ડો. રિતુ કારિધાલે લેન્ડિંગની જવાબદારી સંભાળી

**લખનૌ,**
આજે આખો દેશ ચંદ્રયાન-૩ના ચંદ્ર પર સફળ લેન્ડીગને પગગલે ખુશથી ઝૂમી ઉઠયો છે. ત્યારે આ મીશનની સફળતા ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌ માટે પણ ખાસ યછે. કેમ કે ચંદ્રયાન-૩ના લેન્ડીગની જવાબદારી 'રોકેટ વુમન ઓફ ઈન્ડીયા' તરીકે મશહુર લખનૌનાં ડો. રીતુ કારિધાલના શીરે હતી. તેમણે ચંદ્રયાન-૩ ના લોન્ચીગની જવાબદારી પણ સંભાળી હતી. ચંદ્રયાન-૩ના લેન્ડીગની ઐતિહાસિક પળ પર આખી દુનિયા મીટ માંડીને બેઠી હતી. સફળ લેન્ડીગના પગલે ભારત ચંદ્રના દક્ષીણ ધ્રુવ પર ઉતરનારો વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે. નોધનીય કે ગત ૧૪ જુલાઈએ ભારતે ૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા ત્રીજા મુન મીશન ચંદ્રયાન-૩ લોન્ચ વ્હીકલ માર્ક--૩ એલએમવી-૩ રોકેટ દ્વારા સફળ પ્રક્ષેપણ કયું હતું. પક્ષેપણ બાદ ચંદ્રયાન-૩ એ ૫ ઓગષ્ટે ચંદ્રની કક્ષામાં પ્રવેશ કર્યો હતો. તા.૧૭ ઓગષ્ટે તેના બંને મોડયુલ અલગ થઈ ગયા હતા. આ અગાઉ ૬,૯,૧૪ અને ૧૬ ઓગષ્ટે મિશનને ચંદ્રની વધુ નજીક લઈ જવાની કવાયત કરાઈ હતી. ઈસરોના જણાવ્યા અનુસાર આ વખતે ચંદ્રયાન-૩ના લેન્ડિગની જવાબદારી વરિષ્ઠ મહિલા વિજ્ઞાની ડો. રિતુ કારિધાલને સોપાઈ છે. જેઓ ચંદ્રયાન-૩ના મિશન ડાયરેકટર છે. જયારે પી. વીરા મુથુવેલ પ્રોજેકટ ડાયરેકટર છે. ડો.રિતુ આ અગાઉ મંગળયાનના ડેપ્યુટી ઓપરેશન ડાયરેકટર અને ચંદ્રયાન-૨ મિશન ડાયરેકટર પણ રહી ચુકયા છે.